દિવ્ય ભાસ્કર

Vapi

2 December, 2018

# ધરમપુર ગ્રામ્યવિસ્તારના 170 વિદ્યાર્થીઓ મુંબઇના શૈક્ષણિક પ્રવાસે

## નહેરુ સાયન્સ સેન્ટર, છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલયની મુલાકત લીધી હતી

ભાસ્કર ન્યૂઝ | ધરમપુર

શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના સંસ્થાપક ગુરૂદેવ રાકેશભાઈની પ્રેરણાથી કરંજવેરીમાં સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર ગુરૂકુળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શિક્ષકો સાથે આયોજિત મુંબઈના શૈક્ષણિક પ્રવાસમાં મુંબઈ,કાલીનામાં જેટ વિમાનઘરની વિશેષ મુલાકાત લઈ વિમાનઘરની વિશેષતાઓ જાણી અને માણી હતી.

ગુરૂકુળના ધોરણ-10 અને 12ના 170 વિદ્યાર્થીઓએ 10 શિક્ષકો સાથે વિમાનઘરની મુલાકાતમાં વિમાનની યાંત્રિક રચના, વિમાનના વિવિધ ભાગોના જોડાણને નિહાળી સમજણ લીધી હતી. સાથે વિમાનના સફળ ઉડ્ડયન માટે કોકપીટમાં પાલન કરવામાં આવતા નિયમો, પાયલોટની ફરજો, પરિચારિકઓ અને અન્ય કર્મચારીઓના કાર્ય વિશે પણ કરાયેલા માહિતગારને લઈ વિદ્યાર્થીઓનો આ અનુભવ જ્ઞાનવર્ધક અને આનંદદાયક રહ્યો હતો. ઉપરાંત વિદ્યાર્થીઓએ નહેરુ સાયન્સ સેન્ટરની મુલાકાતમાં ગ્રહો, તારામંડળનું પુસ્તકના માધ્યમથી મેળવેલું જ્ઞાન તેમના પર સાક્ષાત છવાયું હોવાનું અનુભવ્યું હતું. અને બ્રહ્માંડની વિસ્તૃત જાણકારી મેળવી છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલયની પણ મુલાકાત લઈ ભારતનો ઐતિહાસિક વારસો નિહાળી અનેરો આનંદ મેળવ્યો હતો. સાથે આકર્ષક વર્લી-બાંદ્રા સી-લિંકની સફર માણી જ્ઞાન સાથે ગમ્મત સાથેનો પ્રવાસમાં વિદ્યાર્થીઓ આનંદિત અને જ્ઞાન સમૃદ્ધ બન્યા હતા.

